
# અરવલ્લી જિલ્લામાં શાકભાજીના ભાવ આસમાને

મોડાસા, તા. ૧૫

એક તરફ ગુજરાતમાં હજુય ઘણાં જીલ્લા-તાલુકા એવા છેકે જયાં હજુ મેઘરાજાનુ આગમન થયુ નથી. વરસાદ ખેંચાતા શાકભાજીનુ વાવેતર પણ ઓછુ થયું છે. તો બીજી તરફ અન્ય રાજ્યોમાં ભારે વરસાદ થતાં શાકભાજીની આવકમાં ઘટાડો થયો છે જેના લીધે લીલા શાકભાજીના ભાવો આસમાને પહોંચ્યા છે. અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચતા ગૃહિણીઓના બજેટ ખોરવાયા છે. મહિલાઓના રસોડામાં લીલા શાકભાજીના બદલે કઠોળને વધુ પ્રમાણમાં ઉપયોગમાં લઈ કારમી મોંઘવારીમાં સંતુલન જાળવવા મથામણ કરી રહી છે. હાલ કોથમીર, આદુ અને મેથીના ભાવ તો સામાન્ય વ્યક્તિઓ સાંભળી મોઢું ફેરવી લે છે.



અરવલ્લી જીલ્લામાં શાકભાજીનું વાવેતર નહિવત પ્રમાણમાં થતા મોટાભાગના શાકભાજી અમદાવાદ સહીત અન્ય જિલ્લાઓ પર નિર્ભર રહેવું પડે છે. મહારાષ્ટ્ર સહીત દક્ષિણ અને સૌરાષ્ટ્ર ગુજરાતમાં ધોધમાર વરસાદ ખાબકતા લીલા શાકભાજીની આવકમાં નોંધપાત્ર ઘટાડો થતા શાકભાજીના ભાવમાં તોતિંગ વધારો થયો છે. મોડાસા શહેર સહીત જિલ્લાના શાકભાજી બજારોમાં અને રહેણાંક સોસાયટી વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાં શાકભાજી વેંચતા ફેરિયાઓ પણ શાકભાજીના ભાવ વધારાના પગલે નહિવત જોવા મળી રહ્યા છે. આજે લીલા શાકભાજીના કિલોના સરેરાશ ભાવ રૂ. ૬૦થી માંડીને રૂ. ૮૦ થયા છે. શાકભાજીના ભાવો વધતાં રસોડાનુ બજેટ ખોરવાતા ગૃહિણીઓ પરેશાન થઈ છે મોડાસાના શાકભાજીના હોલસેલ વેપારીઓના જણાવ્યા અનુસાર જ્યાં સુધી શાકભાજીની આવક વધશે નહીં ત્યાં સુધી ભાવમાં ઘટાડો થાય તેવી શક્યતા નહિવત હોવાથી હજુ પણ શાકભાજીના ભાવમાં વધારો થાય તો નવાઈ નહિ..?

મોડાસા શહેરમાં શાકભાજીના ભાવમાં આવેલા તીવ્ર ઉછાળાના પગલે રસોડામાં લીલા શાકભાજી સહીત કોથમીર અને આદાનો કરકસરપુર્વક ઉપયોગ કરી રહી છે. શાકભાજીના ભાવો વધતા શાકભાજી ખરીદવામાં પણ કંજુસાઈ દાખવવી પડતી હોવાનું જણાવી મોંઘવારી સાથે શાકભાજી ભાવમાં વધારો થતા ગૃહિણીઓના બજેટ ખોરવી નાખ્યું હોવાનું જણાવ્યું હતું.



## સેક્ટર-૩ સાંઈબાબા મંદિરે વિના મૂલ્યે બ્લડ ચેકઅપ કેમ્પ યોજાયો

ડૉ. શ્રી હેડગેવાર સ્મારક સેવા સમિતિ, ગાંધીનગર દ્વારા આયોજીત અને શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ, ઈસનપુર મોટા તથા નીમા ફાઉન્ડેશન, ગાંધીનગરના ઉપક્રમે સાંઈબાબા મંદિર, સે-૩ ખાતે વિના મૂલ્યે બ્લડ ચેકઅપ કેમ્પનું આયોજન થયું હતું. જેમાં હિમોગ્લોબીન, આરબીસી, આરબીડબલ્યુ, ડબલ્યુબીસી, ક્રિએટીવ (કિડની) તથા લીવર ટેસ્ટના ૧૫૧, ડાયાબીટીસ માટે ૫૧ બ્લડ ટેસ્ટ લેવામાં આવ્યા હતા તથા સાંધાના દુઃખાવા માટે ૧૧૦ જેટલા દર્દીઓને સર્વાંગી પ્રકૃતિ ચિકિત્સા તથા હોલીસ્ટીક પધ્ધતિથી સારવાર માટે જરુરી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડૉ. અર્પિત પોકાર, ડૉ. યામિની પટેલ તથા નટુભાઈ પટેલ (હોલીસ્ટીક હીલર-યુએસએ)ની વિના મુલ્યે સવાઓ ખુબ જ અદભુત અને સરાહનીય રહી હતી તેમજ સાંઈબાબા મંદિર કમિટીના હોદ્દેદારો તથા વસાહતીઓના સાથ અને સહકારથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# થરા એ.પી.એમ.સી.ના ચેરમેન અમેરીકા પ્રવાસે જતા શુભેચ્છાઓ પાઠવી

કાંકરેજ, તા. ૧૫

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા માર્કેટયાર્ડના ચેરમેન



અણદાભાઈ પટેલ તારીખ ૧૫-૭-૨૦૧૮ થી ૨૦ દિવસના અમેરીકાના પ્રવાસે જતાં હોઈ તેમના સમર્થકો અને ખેડૂતો, વેપારીઓએ માર્કેટયાર્ડ ખાતે કાંકરેજના ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલાની ઉપસ્થિતમાં ગઈકાલે સવારે ૧૧ કલાકે માર્કેટયાર્ડના મેડા ઉપર શુભેચ્છા સમારોહ યોજયો હતો. જેમાં કાંકરેજ ધારાસભ્ય કિર્તીસિંહ પી. વાઘેલા, જીલ્લા પંચાયતના પુર્વ પ્રમુખ સુખદેવસિંહ ટી . સોઢા, વાઈસ ચેરમેન ભૂપતાજી ઠાકોર, નાગજીભાઈ દેસાઈ, જીલ્લા પંચાયત સદસ્ય ભુપતજી એન. ઠાકોર, એડવોકેટ અશ્વિનભાઈ વી. શાહ, માજી રાજવી પૃથ્વીરાજસિંહ સી. વાઘેલા, અમરતજી ઠાકોર - નવગુજરાત સમય, યોગેશભાઈ જોષી - ટુ - ડે ન્યૂઝ ચેનલ, નટવર કે. પ્રજાપતિ - બી .કે .ન્યૂઝ દૈનિક રાજુભાઈ એસ. પ્રજાપતિ, ઉમેશભાઈ વી. પ્રજાપતિ, કનુભાઈ બી. ઠક્કર, ઈશ્વરભાઈ પટેલ, ચંપકલાલ શાહ, કરશનભાઈ પટેલ, હંસપુરી બી. ગૌસ્વામી, કિશોરભાઈ બી. પ્રજાપતી, ચંદુજી વી. ઉણેચા, નવીનભાઈ કે. ઠક્કર, હેમુભાઈ ડી. જોષી, રામેશ્વરભાઈ એ. જોષી, પરસોતમભાઈ વી. જોષી, રાયમલભાઈ ડી. પટેલ, રાજાભાઈ આર. પટેલ, ઈસુભા વાઘેલા, હસમુખભાઈ આર. ચૌધરી - સેક્રેટરી, ગોવિંદભાઈ વી. ચૌધરી, ખાનુભા કે. વાઘેલા, નિરંજનભાઈ એ. ઠક્કર, ઝેણૂભા વાઘેલા, તેજાજી ઠાકોર, બળદેવભાઈ જોષી, ગાંડાભાઈ જોષી, શકિતસિંહ ઝાલા, ફકીરમહંમદ વી. સાંચોરા, પ્રહલાદસિંહ વાઘેલા, તેજાભાઈ દેસાઈ વગેરે ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી.

## ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે ઓરી-રૂબેલા રસી જાગૃતિ માટે વાલી મિટીંગ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના સેક્ટર-૭ સ્થિત જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે બાળકોને ઓરી-રૂબેલા રસીકરણ માટે જાગૃતિ લાવવા વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મીટીંગમાં વાલીઓ તથા વિદ્યાર્થીઓને ઓરી-રૂબેલા રસીનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું તથા તે માટે રસીકરણ જાગૃતિ વિષયે એકાંકી નાટકનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા મીનાબેન ચૌધરી તથા શાળાના વિજ્ઞાન શિક્ષકોએ જહેમત ઉઠાવી હતી.

## ઈન્દ્રોડા પ્રાથમિક શાળા નં. ૧ ખાતે વાંચન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના ઈન્દ્રોડા ખાતેની પ્રાથમિક શાળા નં. ૧ ખાતે 'મારી શાળા મારૂ ગૌરવ' પ્રોજેક્ટ અંતર્ગત એક દિવસીય વાંચન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વાંચન શિબિરમાં બાળકોએ તેમનું મનગમતુ પુસ્તક આપી વાંચન પ્રત્યે પ્રોત્સાહિત કરવા સામુહિક વાંચનક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ વાંચન ક્રિયા બાદ બાળક પાસે વાંચન સમીક્ષા પણ હાથ ધરવામાં આવી હતી જે અંતર્ગત બાળકે વાંચેલા પુસ્તક અંગે સવાલજવાબ યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ દરમ્યાન જિલ્લા શિક્ષણ તથા તાલીમ ભવન ખાતેથી કિરણબેન ત્રિવેદી ઉપસ્થિત રહ્યાં હતા.

## મુક્તિધામ ખાતે બિનવારસી મૃતદેહની અંતિમવિધિ

ગાંધીનગર જિલ્લાના ડભોડા પોલીસ સ્ટેશન દ્વારા એક બિનવારસી પુરૂષની લાશની અંતિમવિધી કરવા માટે શહેરના સે. ૩૦ સ્થિત મુક્તિધામ ખાતે લાવવામાં આવી હતી. આ લાશને મનપા સંચાલિત મુક્તિધામના કર્મચારીઓએ પોલીસની હાજરીમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર અંતિમક્રિયા સંપન્ન કરી હતી.

# આલમપુર ખાતે શાકભાજી સબ માર્કેટનો શુભારંભ સમારોહ યોજાયો

ચિલોડા, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર સમા અષાઢી બીજે ગાંધીનગર ચિલોડા માર્ગ પર આલમપુર સ્થિત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ રાંધેજા દ્વારા શાકભાજી સબ યાર્ડ બજારનો શુભારંભ એ.ડી.સી. બેંકના ડીરેક્ટર લાલભાઈ ગોવિંદભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે એપીએમસી ગાંધીનગરના ચેરમેન ડીરેકટર ગુજકોમાસોલના રસિકલાલ મણીલાલ પટેલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં વેપારીઓ, ખેડૂતો અને સ્નેહીજનો ઉપસ્થિત રહી ધાર્મિક પ્રસંગોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે નવચંડી યજ્ઞ અને રાત્રે ભગવાન રામદેવ પીરના પાઠ પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. આ સમારોહમાં મોટી સંખ્યામાં જિલ્લા તાલુકા કક્ષાના સહકારી ક્ષેત્રના નામાંકિત અગ્રણીઓ કોદરભાઈ પટેલ, પરેશભાઈ પટેલ, લાલભાઈ પટેલ, ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મનુભાઈ પટેલ, રસિકભાઈ પટેલ,





સુરેશભાઈ પટેલ, અશ્વિનભાઈ બારોટ, શ્વેતાબેન અશોકભાઈ ભાવસાર, નિતિન પટેલ, યાકુબભાઈ મનસુરી તેમજ વિવિધ સંસ્થાઓ-મંડળીઓના હોદ્દેદારો, સભાસદો, સરપંચો, ધી હોલસેલ વેજીટેબલ એન્ડ ફ્રૂટ વેપારી વેલ્ફેર એસો.ના હોદ્દેદારો તથા ૮૧ દુકાનોના વેપારીઓ-ખેડૂતો તેમજ સ્નેહીજનો મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમમાં શોભા વૃદ્ધિ કરી હતી. આ શાકભાજી સબયાર્ડના પ્રારંભથી ચિલોડા, દહેગામ, માણસા, પ્રાંતિજ વગેરે વિસ્તારના વેપારી તથા ખેડૂતોને શાકભાજીની ખરીદી-વેચાણ કરવામાં વિશેષ ફાયદો થશે અને માર્કેટયાર્ડ સૌનું આકર્ષણ કેન્દ્ર બનતા ખેડૂતોમાં આનંદ અને રાહતની લાગણી પ્રવર્તશે તેવુ જનતાનો સુર રહેવા પામ્યો છે.

# પત્રકારત્વનો સ્તંભ લોકતંત્રને મજબૂત કરે છે : રાજયપાલશ્રી

રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલીએ જણાવ્યુ કે પત્રરકારત્વનો સ્તંભ લોકતંત્રને મજબૂત કરે છે અને એ અર્થમાં પત્રકાર એ પ્રજા અને પ્રશાસન વચ્ચેનો સેતુ છે. આ ક્ષેત્ર જેટલું સમર્થ હસ્ગે તેટલો સમાજ સ્વસ્થ અને સમર્થ બનશે.

યંગલીડર દૈનિક અને જીનેન્દુ સાપ્તાહિકના સંસ્થાપક સ્વ. જિનેન્દુકુમાર જૈનની ચતુર્થ પુણ્ય તિથિએ ''પત્રકારિતા કી સ્વતંત્રતા આજ કે પરિપ્રેક્ષ્ય'' વિષયક સેમિનાર—મંથન સભામાં સ્વ જિનેન્દુકુમાર જૈનને શ્રધ્ધાંજલિ અર્પણ કરતા રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, લોકશાહીના ચોથા સ્તંભ એવા પત્રકાર જગતમાં જિનેન્દુકુમાર જૈને જનજાગૃતિની નવી ચેતના જગાડવાનું કામ કર્યુ હતુ, પોતાના વ્યવસાયને મિશન બનાવીને પ્રજા અને પ્રશાસન વચ્ચે તેઓ સેતુરૂપ બન્યા હતા અને પત્રકારત્વના મૂલ્યોની ઉંચાઈના શિખરો સર કરીને દેશ સેવાના કાર્યમાં યોગદાન આપ્યુ હતું.

આ પ્રસંગે ભારત ગૌરવ તપસ્વી સમ્રાટ પ.પૂ.મુનિ શ્રી ૧૦૮ પ્રસન્ન્ સાગરશ્રી મહારાજને રાજયપાલશ્રીના હસ્તે ''મહાત્મા પુરસ્કાર'થી નવાજવામાં આવ્યા હતા. આર્શીવચનમાં મુનિશ્રીએ જણાવ્યુ કે પત્રકારની કલમમાં સંસ્કુતિનું રક્ષણ, દેશનું હિત,દેશ-સમાજનો વિકાસ હોય તે જ સાચો પત્રકાર કહેવાય. પત્રકારો સરસ્વતીના સંતાનો છે અને જો આ પત્રકારોની કલમ સ્વચ્છંદ બની જાય તો રાષ્ટ્રને જ નુકસાન થશે આપણા ભારત દેશની આત્મા સંત અને સાહિત્યમાં વસે છે.

## સમિતિ રચાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એન.જી.ઓ. કોર્ડીનેટરને વિશ્વાસમાં લઈ અને મંજૂરી મેળવવાની રહેશે. આ ઉપરાંત ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના પ્રતિનિધિ માટે અધિક નિયામક (તબીબી સેવા) સાથે સંકલનમાં રહી નિયુક્તી કરવાની રહેશે.

આ સંકલન સમિતિની બેઠક દર મહિનાના ત્રીજા શનિવારે કરવાની રહેશે. જેમાં આરોગ્યના વિવિધ કાર્યક્રમો તેમજ નીતિ આયોગે નક્કી કરેલા ઈન્ડીકેટરોને આધારે ચર્ચા કરી સેવા-સુધારણા માટે પગલાં લેવાના રહેશે. આ બેઠકમાં ગુજરાતને લેપ્રસી (રક્તપિત્ત) નિર્મૂલન ૨૦૧૮ના લક્ષ્યાંક ઉપરાંત મેલેરિયા ફ્રી ગુજરાત-૨૦૨૨, ટી.બી. ફ્રી-ભારત-૨૦૧૮ જેવા મુદ્દાઓની પણ ચર્ચા કરવાની રહેશે.

આરોગ્યના પ્રશ્નોની ચર્ચા કરી તેની મિનીટ્સ દર માસે રાજ્યકક્ષાએ મોકલવાની રહેશે અને રાજ્યકક્ષાએ તેનુ મૂલ્યાંકન થશે તેવી સ્પષ્ટ નોંધ પણ આ આદેશમાં કરવામાં આવી છે.

આ સમિતિના અધ્યક્ષ તરીકે મ્યુનિ. કમિશ્નર રહેશે. તો એમ.ઓ.એચ. સમિતિના કન્વીનર રહેશે. મેડીકલ કોલેજના ડીન, સિવિલ સુપ્રિ., મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, એપીડેમોલોજીસ્ટ, બાયોલોજીસ્ટ, સહિત આરોગ્યના અધિકારીઓ સભ્ય રહેશે.

મનપાને આરોગ્ય સેવાઓ સુપ્રત કરાઈ નથી એટલુ જ નહિ કોલેજમાં ડીન, સુપ્રિટેન્ડન્ટ જેવી મહત્વની જગ્યાઓ પણ ચાર્જમાં ચાલે છે એટલુ જ નહિ મનપામાં આર.સી.એચ.ઓ.ની જગ્યા પણ મંજૂર કરાઈ નથી ત્યારે શું થશે તેને લઈ અટકળો ચાલી રહી છે.

## અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

વ્યક્ત કરનારા ધારાસભ્યોને શાંત કરવા પડે; એ કાંઈ સારા સંકેત નથી. લોકસભા ચૂંટણી આવે એ પહેલાં બોલકા થયેલા સાંસદો અને ધારાસભ્યોમાંથી કોણ વાડ કે વંડી ઠેકી જાય એ કહેવું મુશ્કેલ છે.કેટલાક તો પક્ષમાં રહીને પણ ચૂંટણીમાં પક્ષના ઉમેદવારોને નુકસાન કરી શકે છે.બધાને રાજી રાખવાનું અશક્ય છે.બાવળિયાની જેમ બીજા પણ કેટલાક કૉંગ્રેસી આગેવાન ભાજપમાં આવી શકે છે,પણ બધા બાવળિયાની જેમ સવારે જોડાઈને સાંજે પ્રધાનપદ મેળવવા જેટલી ફૂલપ્રૂફ સોદાબાજી કરવા જેટલા કામયાબ ના પણ થાય.આમ પણ મુખ્યમંત્રી વિજય રૂપાણી પાસે વધુમાં વધુ માત્ર છ પ્રધાનપદની જગ્યા છે.કોઈને પડતા મૂકે કે આયાતીને પ્રધાનપદ આપવા જતાં ભડકા થવાની શક્યતા વધે. કૉંગ્રેસના અસંતુષ્ટ નેતા જેમ ભાજપના સંપર્કમાં છે તેમ ભાજપના અસંતુષ્ટ નેતા કૉંગ્રેસના સંપર્કમાં પણ છે.ઉત્તરાયણ હજુ દૂર છે,પણ જાણે ગુજરાતના આકાશમાં એકમેકના પતંગ કાપવાની સ્પર્ધા અત્યારથી ચાલી રહી છે.ચૂંટણી વહેલી આવી રહ્યાના સંકેત વચ્ચે ભાજપનું ઘર સંભાળવાની ચિંતા વધુ છે. કૉંગ્રેસે તો ઝાઝું ગુમાવવાનું નથી,એણે તો લાભ જ મેળવવાનો છે.

**આંદોલનકારી ત્રિપુટી ફરી મેદાનમાં**

ઠાકોર સમાજમાંથી આવતા અલ્પેશ ઠાકોરે દારૂબંધી કડક કરાવવાના આગ્રહ અને દારૂના અડ્ડાઓ પર જનતા રેડથી ચૂંટણી પહેલાં સરકારને ભીંસમાં લીધી હતી. તેમના પ્રયાસો થકી જ રાજ્ય સરકારે દારૂબંધીના કાયદાને કડક કરવાની ફરજ પડી હતી.મેવાણીએ રાજ્યમાં દલિત ચેતના જગાડી અને ભાજપ-સંઘના લાખ પ્રયાસો છતાં કૉંગ્રેસના ટેકે વડગામ વિધાનસભા બેઠક જીતીને ધારાસભામાં પ્રવેશ પણ મેળવી લીધો.એ ડાબેરી છે, પણ કૉંગ્રેસી ધારાસભ્ય અલ્પેશ અને પટેલ યુવા નેતા હાર્દિક સાથે મળીને ગાંધીનગરના સત્તાધીશોને ટક્કર આપવામાં સક્રિય છે.હમણાં અમદાવાદના લઠ્ઠાકાંડને પગલે આ ત્રિપુટીએ જનતા રેડ કરી. ગાંધીનગરના જિલ્લા પોલીસ વડાના કાર્યાલય સામેથી જ દારૂ પકડ્યો ત્યારે સરકારે આ ત્રિપુટી સામે પોલીસ કેસ કરીને તો સૌને આંચકો આપ્યો.ગાંધીજી દારૂની દુકાનો સામે પિકેટિંગ કરાવતા હતા અને અંગ્રેજ સરકાર પિકેટિંગ કરનાર સામે ગુનો નોંધતી એવું જ કંઈક આ વખતે થયું. યુવા ત્રિપુટીને તો ધરણાં-આંદોલન કરવાની તક મળી.સત્તારૂઢ ભાજપના પ્રવક્તાએ કૉંગ્રેસના શાસનમાં ''લઠ્ઠાકાંડની હારમાળા'' સર્જાતી હોવાની વાત કરી તો ખરી,પણ આજેય ગાંધીના ગુજરાતમાં બેફામપણે દારૂ વેચાય કે પીવાય છે એ હકીકતને સત્તાધીશો સ્વીકારે છે. હવે તો હાર્દિક પટેલે પટેલોને અનામતનો લાભ મળે એ માટે ઓગસ્ટ મહિનામાં આમરણ ઉપવાસ કરવાની જાહેરાત કરી છે.

haridesai@gmail.com

## ખેડૂતોના નામે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અપાર સંભાવનાઓથી ભરપુર છે. હાલમાં જ ફ્રાંસના પ્રમુખ આવ્યા હતા અને માતા વિંધ્યાવાસીનીના સંદર્ભમાં સાંભળીને આશ્ચર્યચકિત થયા હતા. પૂર્વાંચલના લોકોના જીવનમાં કૃષિ મહત્વપૂર્ણ છે. બાણ સાગર યોજનાથી આ ક્ષેત્રના દોઢ લાખ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધા મળશે. તેમણે ઉમેર્યું હતું કે, આ યોજનાની રુપરેખા ૪૦ વર્ષ પહેલા તૈયાર કરવામાં આવી હતી પરંતુ કામ શરૂ થતાં ૨૦ વર્ષ લાગી ગયા છે ત્યારબાદ અનેક સરકારો આવી છે પરંતુ આ યોજના પુરી થઈ શકી નથી. વર્ષ ૨૦૧૪માં જ્યારે તેમની સરકાર આવી ત્યારે અટવાયેલી આ યોજનામાં આનું પણ નામ સામેલ હતું. અમે બાણ સાગર યોજનાને પૂર્ણ કરવા માટે તમામ તાકાત લગાવી દીધી હતી. યોગી આદિત્યનાથની સરકાર બન્યા બાદથી સવા વર્ષના ગાળામાં જે ગતિથી વિકાસની કામગીરી થઈ છે તેના લીધે જ આ યોજના પણ પૂર્ણ થઈ શકી છે. વડાપ્રધાને કહ્યું હતું કે, અગાઉની સરકારોએ યોજનાઓને પૂર્ણ કરવા તરફ ધ્યાન આપ્યું ન હતું.

## ઝેર પી રહ્યો છું

● અનુસંધાન પહેલાનું ચાલુ

નથી. ગઠબંધનની સરકારનું નેતૃત્વ કરવાના સંબંધમાં કુમારસ્વામીએ કહ્યું હતું કે, હાલમાં જે બધી બાબતો ચાલી રહી છે તેનાથી તેઓ ખુશ નથી. કુમારસ્વામીના આ ભાવુક ભાષણની તરત નોંધ લેવામાં આવી છે. સોશિયલ મિડિયા ઉપર તેમનું નિવેદન ચાલી રહ્યું છે. કુમારસ્વામી તેમના મુખ્યમંત્રી નથી તેવા સોશિયલ મિડિયા પોસ્ટની અસર દેખાઈ રહી છે. કુમારસ્વામીએ કહ્યું છે કે, લોન માફી માટે અધિકારીઓને મનાવવા માટે તેમને કેટલી મહેનત કરવી પડી છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, હવે તેઓ અન્ના ભાગ્ય સ્કીમમાં પાંચ કિલો ચોખાના બદલે સાત કિલો ચોખા ઈચ્છે છે. આના માટે ૨૫૦૦ કરોડ રૂપિયા લઈને તેઓ કઈરીતે આવી શકે છે. ટેક્સ લાગૂ કરવાના તેમના નિર્ણયની ટિકા થઈ રહી છે. આ તમામ ટિકાઓ છતાં મિડિયામાં કહેવામાં આવી રહ્યું છે કે, તેમની લોન માફી સ્કીમમાં કોઈ સ્પષ્ટતા નથી. તેઓ ઈચ્છે તો બે કલાકની અંદર મુખ્યમંત્રી પદ છોડી શકે છે.

## તાળવે ચોંટ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં જે વાવેતર થયુ છે તેમાં પણ હવે રોગચાળાનો ઉપદ્રવ થવાની સંભાવનાઓ ઉભી થવા પામી છે. જિલ્લાતંત્રએ ગત સપ્તાહે દુષ્કાળ વ્યવસ્થાપન અંગે બોલાવેલી બેઠકમાં ઘાસચારાની સ્થિતિ અને પેયજળ સહિત પાણીની ઉપલબ્ધિ જેવા પાસાંઓ અંગે ચર્ચા કરી હતી.

જિલ્લા ખેતીવાડીતંત્રએ પણ આકસ્મિક પાક આયોજન જે તૈયાર કર્યુ છે તે મુજબ ખેડૂતો વાવણી કરે તે માટે મન બનાવી લીધુ છે અને ટૂંકમાં જ ખેડૂતો સાથે ગામે ગામ જઈ બેઠકોનો દોર આરંભાશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લામાં હાલ તો વાવણીનું કાર્ય લગભગ ઠપ્પ થઈ જવા પામ્યુ છે.

## હેત વરસાવ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આકાશમાં કાળા ડીબાંગ વાદળોનો નિખાર જોવા મળે છે. વિજચમકારા અને વાદળ ગર્જના પણ હવે રોજનો ક્રમ બની ગયો છે. પરંતુ મેઘરાજા હજુ નગરને તરબતર કરવા માટે ઉદારતા દાખવતા ન હોવાનુ સૌ કોઈને ખુંચી રહયુ છે. હરિયાળા ગાંધીનગરમાં અગાઉ વરસાદી ઝાપટાના અંતે નગરની ગ્રીનરી નિખરી છે. પ્રકૃતિમાં અનોખી તાજગી જોવા મળી રહી છે. વનરાજી વચ્ચે હરિયાળુ ઘાસ પણ નગરની સુંદરતાને વધુ નયનરમ્ય બનાવે છે. આજે પણ સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે અનોખો નઝારો જોવા મળ્યો હતો. આકાશમાં ગોરંભાયેલા વાદળો મનમુકીને વરસી પડશે તેમ આકાશી નઝારા પરથી સ્પષ્ટ થતુ હતુ. પરંતુ ઘનઘોર વાદળો ઝરમર ઝરમર હેત વરસાવી અટકી ગયા હતા. ઝરમર વરસાદના લીધે ભીંજારાના માહોલ વચ્ચે શહેરમાં ઠંડક પ્રસરી હતી. જયારે આજે રજાનો દિવસ હોવાથી નગરજનોએ પણ મોસમની મજા માંણી હતી. પરંતુ મેઘરાજા ધોધમાર વરસે તેવી આશ વચ્ચે નગરજનોનો દિવસ પુરો થયો હતો.

ગત રાત્રે અને સવારે ઝરમર વરસાદના અંતે સેકટરોમાં ઠેર ઠેર પાણીના ખાબોચિયા ઉભરાતા નઝરે પડયા હતા. પરંતુ મેઘરાજાનો મિજાજ અગાઉની જેમ યથાવત રહયો હતો. જો કે વાદળિયા વાતાવરણ વચ્ચે શહેરમાં અનોખુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. નગર જાણે હીલ સ્ટેશન બની ગયુ હતુ. શહેરીજનોએ આ મોસમનો નઝારો મનભરીને માંણ્યો હતો. રજાના દિવસે લવલી વાતાવરણનો લુત્ફ ઉઠાવ્યો હતો. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૨૮.૪ ડી ગ્રી રહયુ હતુ. જયારે ૯ મી મી વરસાદ વરસ્યો હતો. મોસમનો કુલ વરસાદ ૬૦ મી મી અલબત્ત સવા બે ઈંચ જેટલો થયો છે.

## રસીકરણ... ●

**અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અભિયાનનું મુખ્ય થીમ છે. જિલ્લાની ૭૩૨ શાળા (સરકારી) ૨૯૦ શાળા (ખાનગી) મળી કુલ ૧૦૨૨ શાળાઓને આવરી લેવામાં આવનાર છે. આ માટે ૬૦ મોબાઈલ ટીમો બનાવવામાં આવી છે. જિલ્લામાં અભિયાન માટે ૧૯૦ ટીમો બનાવવામાં આવી છે તે પણ નોંધનીય છે.

જિલ્લામાં અનરજીસ્ટર્ડ પ્લે ગ્રુપના બાળકોને પણ આ અભિયાનમાં આવરી લેવામાં આવશે તેમ આરોગ્ય તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## ગણતરીમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

| | | |
|---|---|---|
| પથ્થર/સ્લેટ | T-5720 | 1.63 |
| | R-3068 | 1.62 |
| | U-2652 | 1.64 |
| જી.આઈ./ધાતુ/પતરા | T-118709 | 33.00 |
| એસ્બેટોસ શીટ | R-80199 | 42.36 |
| | U-38510 | 23.94 |
| કોન્ક્રીટ | T-184406 | 52.66 |
| | R-73859 | 39.01 |
| | U-110547 | 68.72 |

T = Total, R = Rural, U = Urban

સ્ત્રોત : census 2011, Gujarat series-25

ગ્રામીણ ગુજરાતની સરખામણીએ ગાંધીનગરના ગામડાના મકાનોમાં ઘાસફસ-વાસ-લાકડાના પાટીયાની છત ધરાવતા મકાનો ઓછા છે પરંતુ શહેરી ગુજરાતની સરખામણીએ ગાંધીનગર જિલ્લાના શહેરી વિસ્તારોમાં ઘાસફ્સ-વાંસની છતના મકાનો વધુ છે. સૌથી રોચક બાબત એ છે કે સમગ્ર ગુજરાતમાં પ્લાસ્ટીક પોલિથીન કે જેને મીણીયા તરીકે ઓળખવામાં આવે છે એની છતવાળા ૬૬૧૫૯ મકાન (રહેણાંક) છે પણ ગાંધીનગરમાં ગુજરાતના આવા રહેણાંકની સાડા ચાર ટકા જેટલી થાય છે. એમાં પણ શહેરી ગાંધીનગરની વાત કરીએ તો ગુજરાતની જે ટકાવારી થાય તેના કરતા ગાંધીનગર શહેરી સેન્સસ વિસ્તારમાં તેની ટકાવારી ત્રણ ઘણી વધુ થઈ જાય છે.

એક તરફ ગાંધીનગર શહેરી વિસ્તાર તેના એક સરખી મકાન બાંધણી અને વૈવિધ્યમાં ઉત્કૃષ્ટતાની ઓળખ ધરાવે છે ને બીજી તરફ પ્લાસ્ટીક મિણીયાવાળી છત નીચે રહેતા લોકોની સંખ્યા પણ હાંસિયામાં ધકેલાયેલા સમૂહ તરફ ધ્યાન દોરે છે. ગાંધીનગરના મકાનો કેવા દિલમાં વસી જાય એનું ઉદાહરણ એક પૂર્વ સંસદીય સચિવે પુરૂ પાડ્યુ છે જ્યારે તેઓ સત્તામાં હતા ત્યારે જે સરકારી બંગલો તેમને ફાળવાયો હતો એના જેવુંજ અદ્દલોદ્દલ બંગલો તેમણે તેમના વતનમાં બનાવ્યો હતો.

